ગુજરાત સમાચાર
Saturday, 31-10-2026

જિંગલ જિંગલ ZAGMAG

ટીનુની પરીક્ષા

બોલતું ઝગમગ

કિરીટ ગોસ્વામી

એક નાનકડા ગામમાં ટીનુ નામનો એક ભોળો અને હોશિયાર છોકરો રહેતો હતો. ટીનુ આમ તો ભણવામાં ઘણો સારો હતો, પણ જેવો 'પરીક્ષા' શબ્દ સાંભળે કે તરત તેના હાથથપગ ધ્રૂજવા લાગતા. પરીક્ષાના ડરથી તે રાત્રે સૂઈ ન શકતો અને જે કંઈ ભણ્યો હોય તે બધું ભૂલી જતો.

ગામની શાળામાં એક નવા શિક્ષક આવ્યા, જેમનું નામ હતું આનંદ સર. આનંદ સર ખૂબ જ પ્રેમાળ અને સમજદાર હતા. તેમણે ગણતરીના દિવસોમાં જ ટીનુનો આ ડર પારખી લીધો.

એક દિવસ શાળા છૂટ્યા પછી આનંદ સરે ટીનુને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું, 'ટીનુ, તું પરીક્ષાથી આટલો બધો કેમ ડરે છે?'

ટીનુએ નીચું જોઈને ધ્રૂજતા અવાજે કહ્યું, 'સર, મને એમ થાય છે કે જો હું નાપાસ થઈશ તો બધા મારી મજાક ઉડાવશે. પરીક્ષા મને એક બહુ મોટા રાક્ષસ જેવી લાગે છે!'

આનંદ સર હસ્યા અને ટીનુને વહાલથી પાસે બેસાડીને કહ્યું, 'અરે ટીનુ! પરીક્ષા કોઈ રાક્ષસ નથી. ચાલ, હું તને એક વાર્તા કહું.'

સરે વાર્તા શરૂ કરી- 'એક મોટું જંગલ હતું. ત્યાં ચીકુ નામનો એક નાનો વાંદરો રહેતો હતો. ચીકુને ઝાડ પર કૂદકા મારવા બહુ ગમતા, પણ તેને હંમેશાં ડર રહેતો કે જો તે પડી જશે તો બીજાં પ્રાણીઓ તેના પર હસશે. એક દિવસ જંગલમાં 'કૂદવાની હરીફાઈ' યોજાઈ. ચીકુ તો ડરનો માર્યો સંતાઈ ગયો.

ત્યાં એક ઘરડા અને સમજદાર હાથીદાદા આવ્યા. તેમણે ચીકુને કહ્યું, 'બેટા, આ હરીફાઈ તને હરાવવા માટે નથી, પણ તેં આખા વર્ષમાં કેટલા સરસ કૂદકા મારતાં શીખ્યું છે તે જોવા અને તારી શક્તિને ઓળખવા માટે છે.' ચીકુને હાથીદાદાની વાત સમજાઈ ગઈ. તે હરીફાઈમાં ઊતર્યો અને કોઈ પણ જાતના ડર વિના પોતાના જીવનનો સૌથી ઉત્તમ કૂદકો માર્યો! તે જીત્યો કે હાર્યો એ મહત્વનું નહોતું, પણ તેનો ડર હંમેશ માટે ગાયબ થઈ ગયો હતો.'

આ QR-કોડ સ્કેન કરો

વાર્તા પૂરી કરીને આનંદ સરે ટીનુના ખભા પર હાથ મૂક્યો અને સમજાવ્યું, 'ટીનુ, પરીક્ષા પણ આ હરીફાઈ જેવી જ છે. તે તારો દુશ્મન નથી, પણ મિત્ર છે. તે તને એ બતાવે છે કે તું કેટલો હોશિયાર છે અને તારે હજુ કેટલું નવું શીખવાનું બાકી છે. પરીક્ષાના માર્ક્સ એ તારી જિંદગીનું મૂલ્ય નક્કી નથી કરતા. તું ફક્ત તારી મહેનત પર ધ્યાન આપ, પરિણામ પર નહીં.'

આનંદ સરની આ સરળ અને પ્રેમાળ શીખ ટીનુના દિલને સ્પર્શી ગઈ. તેને સમજાયું કે પરીક્ષાથી ડરવાની કોઈ જરૂર નથી.

તે પછીના અઠવાડિયે જ્યારે પરીક્ષા આવી, ત્યારે ટીનુ ડરવાના બદલે ચહેરા પર આત્મવિશ્વાસભર્યા સ્મિત સાથે વર્ગખંડમાં ગયો. તેણે શાંતિથી પેપર લખ્યું. તે દિવસે ટીનુ માત્ર પરીક્ષામાં જ ઉત્તીર્ણ નહોતો થયો, પણ આનંદ સરની મદદથી પોતાના મનના સૌથી મોટા ડરને હરાવવામાં પણ સફળ થયો હતો. ■

'તું કેટલો હોશિયાર છે અને તારે હજુ કેટલું નવું શીખવાનું બાકી છે. પરીક્ષાના માર્ક્સ એ તારી જિંદગીનું મૂલ્ય નક્કી નથી કરતા. તું ફક્ત તારી મહેનત પર ધ્યાન આપ, પરિણામ પર નહીં.'

જોડકણામાં એકડા

૧) એક હતો એકડો, તે મારે મોટો છેકડો,
દેખાય જો જાય કેકડો, તો તાણે મોટો ભેંકડો.
૨) એક હતો બગડો, તે સૌ હારે કરે ઝઘડો
દેખાવે અલમસ્ત તગડો, તે ફેરવે મઝેથી છકડો.
૩) એક હતો તગડો, એને ભાવે ખૂબ રગડો
જો શાકમાં જુએ મગડો, તો મારવા માંડે દગડો.
૪) એક હતો છગડો, એના વિના સૂનો વગડો.
તે કદી કરે ના ઝઘડો, તે સદાય રહે હરખડો.
૭) એક હતો સાતડો, તે રંગે થોડો રાતડો.
તે સ્વભાવે ઘણો વાતડો,
તે શરીરે થોડો પાતળો.
૮) એક હતો આઠડો, એનો ભારે ઠાઠડો,
સૌનો એને સાથડો, તે કદી નથી અનાથડો.
૯) એક હતો નવડો, તે સદાય રહે ખડો,
તે ઘરમાં સૌથી વડો,તેને રમવા ગમે દડો.
૧૦) એક હતો દશડો, તેનો ભારે વટડો.
તે વાતમાં સૌથી બડો, પાણી પી ભરીને ઘડો.

એકડાનો આડંબર

એકડાનો આડંબર ભારે, એકડો મારે ઠેકડા,
બગડાનો બકવાસ ભારે, બગડો મારે છેકડા.
ત્રગડાની તાકાત ભારે, ત્રગડો મચાવે ધૂમ,
ચોગડાની ચતુરાઈ ભારે, ચોગડો કરી દે ધૂમ.
પાંચડાની પંચાત ભારે, પાંચડો નચાવે પ્રજા,
છગડાનો છણકો ભારે, છગડો કરાવે સજા.
સાતડાનો સપાટે ભારે, સાતડો કરાવે લીલા,
આઠડાનો ઠાઠ ભારે, આઠડો કરાવે ઢીલા.
નવડાનો નાદ ભારે, નવડો મચાવે શોર,
દશડાનો ડંખ ભારે, દશડો કરાવે જોર.
એકથી દશ અંકો, વગાડો ભાવિ જીવનનો ડંકો,
અંકોનું આકર્ષણ ઝંખો, ફૂંકો બાળ જીવનના શંખો.
નાના-નાનાં બાળો, સૌને ભણવાની પાડું રાડો.
ભૂલાઈ કદીનાં આંકો, રાખો સુખી જીવનનો ફાંકો.

- પ્રવીણ પટેલ 'સ્વયં'

ચિત્રમાં સુંદર રંગ પૂરો

ટપકાં જોડીને ચિત્ર પૂરું કરો



કહેવતોની કરામત

મિત્રો, અહીં કેટલીક કહેવતો આપી છે. બધી કહેવતો અધૂરી લખી છે તો નીચેના BOXમાંથી ગોતીને લખો.

૧) પથ્થરને બચકું ભરે તો ....
૨) દરની માટી ....
૩) ભૂખ ન જુએ ભાખરી ને ....
૪) બહેન કહીને બેસાડે ને ....
૫) હરામનો માલ ....
૬) સહુ ગયા સગેવગે ને ....
૭) જેણે જીત્યું મન ....
૮) ભાણોજી ભારમાં તો ....
૯) બાપ તેવા બેટા ને ....
૧૦) ગાજે તે વરસે નહિ ને ....

૧) વહુ લાજમાં, ૨) વહુ રહ્યાં ઊભે પગે, ૩) વડ તેવા ટેટા, ૪) ભસે તે કરડે નહિ, ૫) તેણે જીત્યું સર્વ, ૬) સામાં દાંત ભાંગે, ૭) દરમાં સમાય, ૮) વહુ કહીને ઉઠાડે, ૯) ઊંઘ ન જુએ સાથરો, ૧૦) પચે નહિ

કહેવતોની કરામતનો જવાબ :
૧) પથ્થરને બચકું ભરે તો સામા દાંત ભાંગે
૨) દરની માટી દરમાં સમાય
૩) ભૂખ ન જુએ ભાખરો ને ઊંઘ ન જુએ સાથરો
૪) બહેન કહીને બેસાડે ને વહુ કહીને ઉઠાડે
૫) હરામનો માલ પચે નહિ
૬) સહુ ગયા સગેવગે ને વહુ રહ્યા ઊભે પગે
૭) જેણે જીત્યું મન, તેણે જીત્યું સર્વ
૮) ભાણોજી ભારમાં તો વહુ લાજમાં
૯) બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા
૧૦) ગાજે તે વરસે નહિ ને ભસે તે કરડે નહિ

Can u Solve it !



SPOT 15 DIFFERENCES

નીડર વલ્લભ

ભારતી ભંડેરી 'અંશુ'

એક હતાં સુધાદાદી. સુધાદાદી આમ તો મોન્ટુના દાદી, પણ આખી સોસાયટીનાં બાળકો તેમને 'વાર્તાદાદી' કહીને જ બોલાવે! સુધાદાદીને બાળકો અતિશય વહાલાં અને બાળકોને સુધાદાદી. તેઓ દર રવિવારે બગીચામાં બાળકોને અવનવી વાર્તાઓ સંભળાવતાં - એવી વાર્તાઓ જે બાળકોએ ક્યાંય વાંચી કે સાંભળી ન હોય! તેથી બાળકોને આવી મજાની વાર્તાઓ સાંભળવાની ભારે મજા પડતી.

આજે પરીનો જન્મદિવસ હતો. પરીએ મોન્ટુ સાથે સુધાદાદીને પણ પ્રેમપૂર્વક આમંત્રણ આપ્યું હતું. મોન્ટુ સાથે સુધાદાદી જેવાં પરીના ઘેર પહોંચ્યાં કે તરત બધાં બાળકો 'વાર્તાદાદી આવ્યા... વાર્તાદાદી આવ્યા!' કહેતાં તેમને વળગી પડ્યાં.

બાળકો એકીઅવાજે બોલી ઊઠ્યાં, 'દાદી, વાર્તા કહો... સરસ મજાની વાર્તા કહો!'

સુધાદાદી હસીને બોલ્યાં, 'અરે, પહેલાં પરીને કેક તો કાપવા દો!'

પરી તરત બોલી, 'કેક તો પછી કપાશે, પહેલાં વાર્તા!'

બાળકોએ પણ સુર પુરાવ્યો, 'હા દાદી, પહેલાં વાર્તા જ!'

દાદી બાળકોની આ મીઠી જિદ સામે નમી ગયાં. તેમણે કહ્યું, 'ચાલો, આજે તમને એક સાચી અને પ્રેરણાદાયી વાર્તા કહું. પણ એ પહેલાં મને કહો કે આજે કોનો જન્મદિવસ છે?'

બાળકો બોલ્યાં, 'પરીનો!'

સુધાદાદી બોલ્યાં, 'હા, આજે પરીનો જન્મદિવસ તો છે જ, પરંતુ આ ઓક્ટોબર મહિનામાં બીજા ક્યા ક્યા મહાપુરુષોના જન્મદિવસ આવે છે, એ ખબર છે?'

મીનાએ તરત હાથ ઊંચો કર્યો, 'બીજી ઓક્ટોબરે ગાંધીજીનો!'

સુધાદાદી બોલ્યાં, 'શાબાશ બેટા! બીજી ઓક્ટોબરે સાદગીના પ્રતીક લાલ બહાદુર શાસ્ત્રીજીનો પણ જન્મદિવસ આવે છે. અને આજે ૩૧મી ઓક્ટોબર છે. આજે કોનો જન્મદિવસ છે, બોલો જોઈએ?'

આ સાંભળી બધાં બાળકો વિચારમાં પડી ગયાં અને માથું ખંજવાળવા લાગ્યાં.

સુધાદાદીએ સ્મિત સાથે ફોડ પાડ્યો, 'આજે આપણા દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિવસ છે! તમને ખબર છે દેશભરમાં તેમનો જન્મદિવસ કેમ આટલા ઉત્સાહથી ઊજવાય છે?'

બાળકોએ અજાણતાં માથું હલાવી 'ના' પાડી.

સુધાદાદીએ આગળ સમજાવ્યું, 'સરદાર વલ્લભભાઈ પટેલે પૂજ્ય ગાંધીજી સાથે મળીને આઝાદીની લડતમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમણે ઐતિહાસિક બારડોલી સત્યાગ્રહનું સફળ નેતૃત્વ કર્યું અને અનેક વાર જેલવાસ વેઠ્યો. આઝાદી મળ્યા બાદ દેશનાં સેંકડો રજવાડાંઓને એક તાંતણે બાંધીને તેમણે અખંડ ભારતનું નિર્માણ કર્યું. તેથી જ તેઓ 'અખંડ ભારતના શિલ્પી' કહેવાય છે. તેમના અડગ મનોબળને કારણે તેઓ 'લોખંડી પુરુષ' તરીકે ઓળખાય છે. તમને ખબર છે, તેમને 'સરદાર'નું ઉપનામ કોણે આપ્યું હતું?'

રવિએ ઉત્સાહથી કહ્યું, 'ગાંધીજીએ!'

'શાબાશ બેટા!' દાદીએ પીઠ થાબડી.

'આ સરદારનું નાનપણનું નામ વલ્લભ હતું. વલ્લભ નાના હતા ત્યારે તમારા જેવા જ ચતુર અને રમતિયાળ હતા.

એક દિવસની વાત છે. વલ્લભ અને તેના સહપાઠીઓ વર્ગખંડમાં બેઠા હતા. શાળા શરૂ થવાનો સમય થઈ ગયો હતો, પરંતુ કોઈ કારણસર શિક્ષક વર્ગમાં મોડા પડ્યા. આથી બધાં બાળકો ગેલમાં આવીને મોટેમોટેથી ગીતો ગાવા લાગ્યાં.

ગીતોનો અવાજ સાંભળી શિક્ષક ઉતાવળે વર્ગમાં દોડી આવ્યા. બાળકોને ગીતો ગાતાં જોઈ તેઓ ભારે નારાજ થયા અને ઠપકો આપીને બધાંને બેન્ચ પર ઊભા રહેવાની શિક્ષા કરી. વલ્લભના બધા મિત્રો ડરીને ચૂપચાપ પાટલી પર ઊભા થઈ ગયા, પણ વલ્લભ પોતાની જગ્યા પરથી સહેજ પણ ઊભો ન થયો.

સાહેબે ગુસ્સાથી પૂછ્યું, 'તું કેમ ઊભો નથી થતો? શું તું ગીત નહોતો ગાતો?'

વલ્લભે નિર્ભયતાથી આંખો મિલાવીને કહ્યું, 'ગાતો હતો સાહેબ! પણ તેમ છતાં અમારો કોઈ વાંક નથી.'

સાહેબનો ક્રોધ વધ્યો, 'તું જાતે ગીત ગાતો હતો અને પાછો કહે છે કે તારો વાંક નથી? ઊભો થા!' કહી સાહેબ હાથમાં લાકડાની ફૂટપટ્ટી લઈને વલ્લભ તરફ ધસ્યા.

વર્ગના બધા વિદ્યાર્થીઓ થરથર કાંપવા લાગ્યા કે હવે વલ્લભની ખેર નથી. પણ આ તો વલ્લભ! ડરે એ બીજા! સાહેબે તેને સજા કરવા હાથ આગળ ધરવા કહ્યું. વલ્લભે શાંતિથી



> **વલ્લભે શાંતિથી હાથ લંબાવ્યો અને સ્પષ્ટ અવાજે કહ્યું- 'સાહેબ, તમારે મારવો હોય તો શોખથી મારો, પરંતુ આમાં મારો કે આ વર્ગના કોઈ પણ બાળકનો સહેજ પણ વાંક નથી!'**

હાથ લંબાવ્યો અને સ્પષ્ટ અવાજે કહ્યું- 'સાહેબ, તમારે મારવો હોય તો શોખથી મારો, પરંતુ આમાં મારો કે આ વર્ગના કોઈ પણ બાળકનો સહેજ પણ વાંક નથી!'

સાહેબે અકળાઈને ફૂટપટ્ટી ઉગામી, ત્યાં જ વલ્લભે દલીલ કરી- 'સાહેબ, ખરો વાંક તો તમારો છે! તમે પૂરી દસ મિનિટ વર્ગમાં મોડા આવ્યા. સાહેબ ન આવે તો બાળકો રમૂજમાં ગીત ન ગાય તો શું રોવા બેસે?'

આ સાંભળતાં જ આખા વર્ગખંડમાં સોપો પડી ગયો! બધાંને લાગ્યું કે હવે વલ્લભને આકરી સજા થશે.'

વાર્તા સાંભળતી પરી અચાનક બોલી ઊઠી, 'અરેરે! શિક્ષક સામે આવું બોલાય?'

સુધાદાદીએ સ્નેહથી સમજાવ્યું, 'બાળકો, જો પોતાની વાત સાચી હોય અને આપણે કોઈ ખોટું તોફાન ન કર્યું હોય, તો વિવેકપૂર્વક સાચી વાત કહેતાં ક્યારેય ડરવું ન જોઈએ. અન્યાય કે ખોટી વાત ક્યારેય મૂંગા મોઢે સહન ન કરાય. હંમેશાં સત્યનો જ પક્ષ લેવાય.'

બાળકોએ પૂછ્યું, 'દાદી, પછી સાહેબે વલ્લભને ફટકાર્યો?'

દાદી બોલ્યાં, 'ના બેટા! વલ્લભ સાચો હતો અને નીડર હતો, એટલે જ તે આટલી હિંમતથી પોતાની વાત રજૂ કરી શક્યો. વલ્લભની આ તર્કબદ્ધ વાત સાંભળીને શિક્ષકને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેમણે સૌમ્ય બનીને બાળકો પાસે ક્ષમાયાચના કરતાં કહ્યું- 'બાળકો, મને માફ કરજો, મોડા આવવાનો વાંક મારો જ હતો. વલ્લભની જેમ તમારે સૌએ પણ સાચા અને નીડર બનવું જોઈએ, અને હંમેશાં સત્યને જ સાથ આપવો જોઈએ!'

શિક્ષકની વાત સાંભળીને વર્ગનાં તમામ બાળકો આનંદમાં આવી ગયાં અને તાળીઓ પાડતાં ગાવા લાગ્યાં-

'અમે તો નીડર બનીશું,
અમે સાચી વાત કહીશું!
અમે ના કોઈથી ડરીશું,
અમે વલ્લભ જેવા થઈશું!'

સાહેબ પણ પ્રસન્ન થઈને તેમની સાથે હસી પડ્યા.

સુધાદાદીની આ સત્યનિષ્ઠાવાળી વાર્તા સાંભળીને સૌ ભૂલકાં પ્રભાવિત થઈ ગયાં. પરીએ ઉત્સાહભેર કેક કાપીને બધાંને ખવડાવી. ત્યારબાદ સુધાદાદીની સાથે મળીને સૌ બાળકો લયબદ્ધ ગાવા લાગ્યાં-

'અમે તો નીડર બનીશું,
અમે સાચી વાત કહીશું!
અમે ના કોઈથી ડરીશું,
અમે વલ્લભ જેવા થઈશું!' ■

સરદાર પટેલની હિંમત

હેમંત વાળા

૩૧ મી ઓક્ટોબરે આપણે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ઉજવીએ છીએ. વલ્લભભાઈને આપણે 'લોખંડી પુરુષ' તરીકે ઓળખીએ છીએ. આ બિરુદ મળવા પાછળ તેમનો અથાક પુરુષાર્થ, સ્પષ્ટ કાર્યશૈલી, દ્રઢ નિશ્ચય, અડગ આત્મવિશ્વાસ, અદ્ભુત દેશપ્રેમ તેમજ અભૂતપૂર્વ હિંમત જેવા ગુણો મુખ્ય છે. બાળમિત્રો, શું તમને ખબર છે કે સરદાર વલ્લભભાઈમાં આ બધા ગુણો નાનપણથી જ ખીલેલા હતા? ચાલો, હું તમને તેમના બાળપણનો એક પ્રસંગ જણાવું જે દરેક બાળકને અડગ રહેવાની પ્રેરણા આપી શકે તેમ છે.

સરદાર વલ્લભભાઈ જ્યારે નાના હતા, ત્યારે તેમના શરીર પર એક ખૂબ જ પીડાદાયક ગુમડું (ફોડલો) થયું હતું. તેના ઉપચાર તરીકે તે સમયના વૈદે તેને મટાડવા માટે ગરમ ધગધગતા લોખંડના સળિયાથી ડામ દેવો જરૂરી હોવાનું જણાવ્યું. મિત્રો, તે સમયે તબીબી વિજ્ઞાન એટલે કે મેડિકલ સાયન્સમાં એટલો વિકાસ નહોતો થયો કે જેથી આ પ્રકારની સારવાર દર્દ વિના થઈ શકે. આજે તો આધુનિક દવાઓ અને સાધનો ઉપલબ્ધ છે, પરંતુ એ જમાનામાં આવી સારવાર અત્યંત દર્દનાક રહેતી. ડૉક્ટરને પણ ચિંતા હતી કે આ નાનકડા બાળકમાં આટલી પીડા સહન કરવાની હિંમત હશે કે કેમ! પરંતુ બાળ વલ્લભભાઈએ નિશ્ચિત થઈને કહી દીધું- 'તમે ઉપચારની તૈયારી કરો, હું તો તૈયાર જ છું.'

ડૉક્ટરને હજુ પણ બાળકની હિંમત પર થોડો સંકોચ થતો હતો, ત્યારે વલ્લભભાઈએ નિર્ભયતાથી જણાવ્યું- 'હું દરેક પ્રકારની પીડા અને તકલીફ સહન કરવા તૈયાર છું. હું કોઈપણ પ્રકારના ડરથી મુક્ત છું. મારી દ્રઢતા અને હિંમત

> **વલ્લભભાઈએ નિર્ભયતાથી જણાવ્યું- 'હું દરેક પ્રકારની પીડા અને તકલીફ સહન કરવા તૈયાર છું. હું કોઈપણ પ્રકારના ડરથી મુક્ત છું. મારી દ્રઢતા અને હિંમત વિશે તમે જરાય શંકા ન કરો.'**

વિશે તમે જરાય શંકા ન કરો.' વલ્લભભાઈની આ ખુમારી જોઈને ડૉક્ટરને આશ્ચર્ય પણ થયું અને હિંમત પણ આવી. આપણા લાડીલા બાળ સરદાર પર એ આકરો ઉપચાર થયો અને તે સંપૂર્ણ સફળ રહ્યો.

બાળમિત્રો, આ માત્ર એક નાનકડો પ્રસંગ નથી, પરંતુ તે સરદાર વલ્લભભાઈના અડગ મનોબળનો પરિચય કરાવે છે. તેમના જીવનમાં પાછળથી પણ અનેક મોટી મુશ્કેલીઓ આવી, અને દરેક મુશ્કેલીનો તેમણે હિંમતપૂર્વક સામનો કરીને વિજય મેળવ્યો. તેમણે પૂજ્ય મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય ભાગ લીધો અને દેશની આઝાદી માટે અવિરત સંઘર્ષ કર્યો. તે ઉપરાંત, આઝાદી સમયે ભારત જે સેંકડો દેશી રજવાડાંઓમાં વિભાજિત થયેલું હતું, તેને એક અખંડ રાષ્ટ્રના સૂત્રમાં પરોવવાનું ઐતિહાસિક અને ભગીરથ કાર્ય પણ સરદાર વલ્લભભાઈએ જ પાર પાડ્યું હતું. સરદાર વલ્લભભાઈનું આ યોગદાન આવનારી દરેક પેઢીને સતત પ્રેરણા આપતું રહે તે માટે ગુજરાતમાં કેવડિયા ખાતે નર્મદા કિનારે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' બનાવવામાં આવી છે. મિત્રો, જો તમે હજુ સુધી તેની મુલાકાત ન લીધી હોય, તો પરિવાર સાથે કે શાળાના પ્રવાસમાં ત્યાં અચૂક જઈ આવજો. આ મુલાકાત વખતે ખાસ યાદ રાખજો કે સરદાર વલ્લભભાઈ પટેલ એટલે દ્રઢતા, સમજદારી, શિસ્ત, નેતૃત્વ, એકતા, વ્યવહારિકતા, કર્તવ્યનિષ્ઠા, સંગઠનશક્તિ, અડગ આત્મવિશ્વાસ, નીડરતા અને દેશપ્રેમની સાક્ષાત મૂર્તિ! ■

The Horror Bungalow

Malek Mehraz

Zoya had recently moved to a quiet village for her new job. She was living alone in a spacious bungalow for two months. Her life was peaceful and routine, and she had no idea of the horrifying experience that awaited her inside the house.

One night, exhausted after returning from work, Zoya ate dinner and fell fast asleep. At exactly 3:00 a.m., a terrifying nightmare jolted her awake. Feeling suffocated in her dark, windowless room, she instinctively reached down to put on her slippers. Suddenly, she pulled her feet back onto the bed. A bone-chilling feeling told her that someone was watching her from underneath it.

Driven by sheer panic, Zoya bolted towards the door and grabbed the handle, but it was firmly locked from the outside. An unseen entity seemed to have trapped her inside. Overwhelmed by absolute horror, she let out a piercing scream and fainted on the spot.

The next morning, Zoya woke up in her own bed, believing it had all been a bad dream. However, the same supernatural horror returned the following night. Realising that her life might be in grave danger, Zoya sought immediate help and brought a wise, respected Tantrik Baba to cleanse the bungalow.

That night, Baba began his dark ritual. He sprinkled a drop of Zoya's blood on the floor and strictly instructed her to stand outside until he called her back. As Zoya waited alone in the pitch-black yard, violent shrieks and terrifying screams suddenly erupted from inside the house.

Zoya gasped in pure horror. His eyes glowed with demonic malice, and his face had transformed into that of a terrifying beast. The evil spirit possessed him completely!

Before she could process what was happening, the doors burst open, and Baba ran out in complete terror. Zoya desperately chased after him. When he finally stopped, his back was turned towards her. As he slowly turned around, Zoya gasped in pure horror. His eyes glowed with demonic malice, and his face had transformed into that of a terrifying beast. The evil spirit inside the house had possessed him completely!

Paralysed with dread, Zoya collapsed onto the frozen ground, drawing her final breath and meeting a tragic, horrifying death.

Now, which unsuspecting person will step into the abandoned bungalow next, and what dreadful fate awaits them?

Only time will tell! ■

The Stranger at Platform 33

Jannat Shaikh

It was raining cats and dogs that night at the old, rusty railway station. The trees swayed in the cold wind, and puddles covered the platform. It was nearly ten o'clock, and only a few passengers were around. The bright yellow lights flickered overhead. The atmosphere was gloomy, mysterious, and a little scary.

I was sitting on a polished brown wooden bench, holding my backpack. My name is Sofia, and I was returning to my home country. I was studying in Germany and would soon return to Dubai. I got to visit my elderly father only once a year. I didn't want to leave him alone, but I was there to build my future and make him proud.

A little later, I learned that my train had been delayed. The station was unusually quiet, and the eerie silence made me anxious.

Bored, I started scrolling through my phone. Suddenly, an elderly man who looked about my grandfather's age appeared beside me. He wore a spooky black coat and sat down with a gentle smile.

"How do you know that?" I whispered. "Nobody knows about it! I used to write letters and notes to my mother, who passed away when I was just five."

"Quite a long wait, isn't it?" he asked.

"Yes," I replied politely.

He gazed at the railway tracks and the deserted platform. For a while, neither of us spoke. Then, out of nowhere, he said, "You still hide that pink notebook under your bed, don't you? The one filled with all the problems you wish you could tell your mother about."

I froze. How could he possibly know that? It was a secret no one knew-not my father, my friends, or even my sister.

"How do you know that?" I whispered. "Nobody knows about it! I used to write letters and notes to my mother, who passed away when I was just five."

The stranger looked at me with an expression I couldn't quite understand. I had never seen him before. As I was about to ask him another question, he spoke softly.

"Don't carry so much inside you, child. Sometimes, you must learn to let go."

Suddenly, an announcement echoed through the station. The train had arrived at Platform 3D.

I gathered my bags and stood up. I wanted to ask the stranger more questions, but my throat tightened, and tears filled my eyes. I felt an overwhelming urge to hug him.

But when I turned around, he had vanished.

The mysterious encounter changed my life. I slowly learned to let go of the pain I had carried for years and to make peace with the things I could not change.

For years, I kept searching for the old man, but I never found him. Even today, I don't know who he was-or how he knew my deepest secrets.

Perhaps some mysteries are never meant to be solved. ■

Dream Big, Start Small, Keep Going!

Every child has big dreams, but turning those dreams into reality can sometimes feel confusing and overwhelming. **Why do we start with great excitement but struggle to keep going? And how can we stop comparing ourselves with others?** Uncle Fix-It has a cheerful little guide to help young dreamers enjoy the journey, one small step at a time!

Tell Me What to Do!

Dear Uncle Fix-It,

I am a student with lots of dreams. I want to do well in my studies, participate in competitions, develop new skills and make my parents proud. Whenever I hear stories about successful people, I feel inspired and start making exciting plans for my future.

But there is one problem: I find it difficult to stick to my plans! I often begin new activities with great enthusiasm, but after a few days, my excitement fades away. Sometimes, I spend so much time thinking about my future that I forget to concentrate on the work I need to do today.

I also compare myself with people who are already successful. When I see others achieving wonderful things, I feel motivated for a while. But soon, I start worrying that I am not doing enough or that I am falling behind.

I want to achieve something meaningful in life, but I don't know how to remain patient, focused and consistent. How can I stop worrying so much about success and learn to become a little better every day?

-Devanshi

Dear Devanshi,

First of all, give yourself a big smile! You have dreams, you want to learn, and you genuinely wish to improve yourself. That's a wonderful beginning. But let me tell you a little secret: even the most successful people don't feel motivated every single day. Some mornings, they jump out of bed, ready to conquer the world. On other mornings, even getting out of bed feels like climbing Mount Everest!

So, don't worry. You are not lazy, and there is nothing wrong with you. You simply need to learn a few tricks to turn your excitement into a habit.

1. Stop trying to climb the entire mountain in one day!

Imagine that you want to climb a huge mountain. Would you try to jump straight to the top? Of course not! You would take one step, then another, and then another.

Your dreams work in exactly the same way.

If you want to improve your mathematics, don't tell yourself, "I must become a genius this month!" Instead, try solving five extra problems every day. Want to become a better writer? Write one paragraph daily. Want to participate in a competition? Practise for fifteen minutes today.

2. Make friends with your calendar, not just your imagination!

Here's a fun challenge: every evening, choose just three important tasks for the next day. They could be completing a science assignment, practising a dance step or reading ten pages of a book. Write them down. The next day, try to finish them before getting distracted by other exciting ideas.

And don't make a list of twenty-five tasks! You are a student, not a superhero with twenty-five hours in a day.

3. Remember: somebody else's chapter is not your chapter!

Suppose your classmate wins a painting competition. You might think, "Wow! She is so talented. I'll never be that good." But wait a minute! Perhaps she has been painting for three years. Perhaps you have just started. Is it fair to compare your first drawing with her hundredth? Instead of feeling jealous or discouraged, ask yourself, "What can I learn from her?"

Admire other people's achievements. Learn from them. Celebrate their victories. But never use their success as proof that you are not good enough.

Your friend may be excellent at painting, while you may be brilliant at solving puzzles or telling stories. And if you both love painting, that's wonderful too! There is room for more than one talented artist in the world.

4. Make friends with boring days!

On some days, you will feel excited about studying. On other days, you may prefer watching cartoons, playing games or doing absolutely nothing. That's normal!

Consistency doesn't mean feeling enthusiastic all the time. It means doing a little of what matters, even when the excitement has disappeared.

Create a tiny rule for yourself. On a busy day, solve just two mathematics problems. On a day when you don't feel like reading, read one page. On a day when practising seems difficult, practise for five minutes. You can do more whenever you feel like it. The point is to keep the habit alive without making yourself miserable. And if you miss a day? No drama! You haven't destroyed your future. Simply begin again the next day.

5. Celebrate effort, not just trophies!

Imagine that you practise for a spelling competition but don't win. Does that mean your effort was wasted? Absolutely not!

Perhaps you learnt twenty new words, improved your concentration and discovered what you need to practise next time. Those are real achievements, even without a shiny trophy.

Every night, ask yourself three simple questions:

- What did I learn today?
- What did I do well?
- What is one thing I can improve tomorrow?

You will gradually begin to notice your own progress instead of constantly looking at everyone else's.

And here's another important point: making your parents proud is a lovely wish, but your worth is not measured by marks, medals or certificates. You deserve love and respect even on days when you make mistakes.

6. Keep dreaming, but don't forget to enjoy today!

Devanshi, your future is important, but so is your present. Laugh with your friends. Play outdoors. Enjoy your favourite stories. Ask silly questions. Try new things. Make mistakes and learn from them. You don't have to turn every moment into a competition or every hobby into a career. Success is not a race in which someone fires a starting pistol and everyone must reach the finish line at the same time. It is a journey, and each person travels at a different pace.

So, here's your mission for the next seven days: choose one goal, work on it for fifteen minutes every day, and tick a box whenever you finish. At the end of the week, look at those seven little ticks. They will remind you that you can trust yourself to show up.

Dream big, Devanshi, but give your dreams small, manageable jobs to do every day! And remember my favourite advice: don't worry about becoming the best person in the room. Focus on becoming a little better than the person you were yesterday.

One small step today. Another tomorrow. Before you know it, you'll have travelled farther than you imagined!

With a cheerful smile and a pocketful of encouragement,

- Your Uncle Fix-It

મધપૂડો

દેવ જો હોય તો, રોજ બને દિવાળી

રામ જેવું બીજું કોઈ રામ થઇ શકે નહિ

મારી તો એક જ ચિંતા... હું બની રહું સીતા

હરીશ નાયક

ભમરી ઈયળને પકડી લાવે છે. તેને વખતોવખત ડંખ મારે છે. ડંખની વેદનામાં તરફડતી ઈયળ સતત ભમરીનું જ સ્મરણ કરે છે. કહેવાય છે કે આ સ્મરણ અને વેદનામાંથી જ એક દિવસ ઈયળ પોતે ભમરી બની જાય છે.

રાવણની અશોકવાટિકામાં સીતાજી પણ જાણે આવી જ અવસ્થામાં હતાં. ચારે બાજુ રાક્ષસીઓનો પહેરો હતો. રાવણની ધમકીઓ હતી. પણ સીતાજીને એની કોઈ પરવા નહોતી. એમના મનમાં તો બસ એક જ નામ હતું-રામ! રામ! અને રામ!

એમનું રામસ્મરણ જોઈને ત્રિજટાએ કહ્યું, ‘સીતાજી, તમે તો રામનું એટલું બધું ધ્યાન ધરો છો કે એક દિવસ જાતે જ રામ બની જશો! જેમ ઈયળ ભમરી બની જાય છે, એમ જીવ શિવ બની જાય છે!’

ધ્યાનમાંથી ચમકીને સીતાજીએ આંખો ખોલી. દૃઢતાથી બોલ્યાં, ‘ના, ત્રિજટા! મારે રામ નથી થવું!’

ત્રિજટા આશ્ચર્યથી એમની સામે જોઈ રહી.

સીતાજી આગળ બોલ્યાં, ’રામ એક જ છે અને એક જ રામ બસ છે. રામ જેવું બીજું કોઈ રામ થઈ શકે નહીં. એમનું સ્થાન અનન્ય છે. એમની મહાનતા, એમનો ધર્મ, એમની મર્યાદા અને એમનું વ્યક્તિત્વ અદ્વિતીય છે. હું એમનું ધ્યાન ધરું છું, એમને યાદ કરું છું, એમની પ્રતીક્ષા કરું છું, કારણ કે હું એમની સીતા છું. પણ એનો અર્થ એવો નથી કે મારે રામ બની જવું છે!’

સીતાજીના અવાજમાં હવે એક અનોખી સ્પષ્ટતા હતી. ‘હું રામને એટલો પ્રેમ કરું છું કે એમનાથી અલગ રહીને પણ એમની સાથે જ જીવું છું. મારી આંખો સામે રામ નથી, પણ મારા હૃદયમાં તો એ જ છે. મારું મન એમનામાં લીન છે, મારી દરેક પ્રાર્થનામાં એ છે, મારા દરેક શ્વાસમાં એ છે. છતાં મારે મારી ઓળખ ગુમાવવી નથી. હું સીતા છું અને સીતા જ રહેવા માગું છું.’

એ થોડી વાર અટક્યાં. જાણે પોતાના મનની વાતને વધુ ઊંડાણથી સમજવા માગતાં હોય એમ ધીમેથી બોલ્યાં, ’જો હું જ રામ બની જાઉં તો પછી રામની સીતા કોણ બને? એમની રાહ કોણ જુએ? એમના આવવાની આશા કોના હૃદયમાં જીવતી રહે? એમની સેવા કોણ કરે? એમને પોતાના પ્રેમથી કોણ યાદ કરે? રામની ભક્તિ કરવા માટે, રામને પ્રેમ કરવા માટે, રામની સાથે જીવન વહેંચવા માટે તો મારું સીતા હોવું જ જરૂરી છે!’

સીતાજીની આંખોમાં ફરી આંસુ આવી ગયાં. પણ આ વખતે એ આંસુમાં માત્ર વિરહની વેદના નહોતી. એમાં પોતાની ઓળખ પ્રત્યેનો ગર્વ પણ હતો. ■

દેહમંદિર - દેવમંદિર

હે રામ !

ગણપતિની પૂજા પૂરી થઈ.

ગણપતિ વિસર્જનનો દિવસ આવ્યો. કુંભારે નક્કી કર્યું કે દેવને નદી સુધી આપણા વાહન પર બેસાડવાના હોય એટલે કંઈ વાહન જેવું તેવું ચાલે? તેણે તો ગધેડાને સારી રીતે નવડાવ્યો. પછી ટુવાલથી તેનો દેહ ઘસીને સાફ કર્યો. તેની પર સરસ મજાની ચાદર પાથરી. તેની પર બેઠક ગોઠવી. તેના ગળામાં ફૂલોની માળા પહેરાવી.

સવારી નીકળી. ગાનવાદન સહિત દેવ નદીએ પહોંચતા હતા. ગધેડાના આનંદનો તો પાર નહિ. તે તો ખુશખુશાલ હતો. તેને તો એમ કે જિંદગી આ જ છે. ભલે તેનો કુંભાર તેને મારતો હતો પણ આજે તેની ખરેખર કદર કરી છે.

વાજતેગાજતે સંઘ નદીએ પહોંચ્યો. દેવને સવારી પરથી ઉપાડી લેવામાં આવ્યા. નદીમાં પધરાવી દેવામાં આવ્યા.

દેવનું વિસર્જન થયું. એટલે ગધેડો બધાને નડવા લાગ્યો. બધા જ તેને હડસેલવા લાગ્યા. ડચકારવા લાગ્યા. પણ ગધેડો હજી તોરમાં હતો. તેને તો એમ કે પોતાના જેવું બીજું કોઈ ભાગ્યશાળી પ્રાણી જ નથી.

> **દેવનું વિસર્જન થયું. એટલે ગધેડો બધાને નડવા લાગ્યો. બધા જ તેને હડસેલવા લાગ્યા. ડચકારવા લાગ્યા. પણ ગધેડો હજી તોરમાં હતો. તેને તો એમ કે પોતાના જેવું બીજું કોઈ ભાગ્યશાળી પ્રાણી જ નથી.**

તે એવો મદમાં હતો ત્યાં જ કુંભારે જોરથી ડફણું માર્યું. રોજના નિયમ પ્રમાણે એક-બે સંભળાવી પણ દીધી. કહ્યું - ‘અડિયલ ! ચાલે છે કે નહિ? રસ્તામાં અટકી રહેતાં જ આવડે છે?’

ગધેડાને જ્ઞાન આવી ગયું કે જ્યાં સુધી સાથે ભગવાન છે ત્યાં સુધી જ દેહની કિંમત છે, તેનાં માન-પાન છે. શરીરનું પણ એવું જ છે,

જ્યાં સુધી દેહમાં દેવ છે ત્યાં સુધી જ દેહમંદિર છે. દેહમાંથી રામ ગયા કે દેહ પણ હરામ જ થઈ જવાનો. માટે જ લોકો કહે છે ‘હે રામ !’ ■

દાદાનો ડંગોરો

ભાવના હેમંતકુમાર વકીલના

એક નાનકડા સુંદર ગામમાં ચિન્ટુ પોતાના દાદાજી સાથે રહેતો હતો. ગામની ચારે તરફ લીલાંછમ ખેતરો અને ઘટાદાર વૃક્ષો આવેલાં હતાં, જેથી આ ગામનું નામ 'હરિયાળી' રાખવામાં આવ્યું હતું. ચિન્ટુ શહેરમાં ભણતો હતો, પરંતુ વેકેશનમાં પોતાના દાદાજી પાસે ગામડે આવતો અને તેમની સાથે અવનવી વાતો શીખતો. ચિન્ટુ ખૂબ જ રમતિયાળ હતો. તેનામાં અજબની કુતૂહલવૃત્તિ હતી. નવું નવું જાણવાનું અને શીખવાનું તેને ખૂબ ગમતું. તે સ્વભાવે અત્યંત દયાળુ પણ હતો. તેના દાદાજી હરિયાળી ગામના સૌથી વયોવૃદ્ધ અને જ્ઞાની વ્યક્તિ હતા.

'ચિન્ટુ, ચાલ આપણે બગીચામાં જઈએ!' દાદાજી બગીચામાં જવા તૈયાર થતાં બોલ્યા.

'હા દાદાજી!' ચિન્ટુ દોડતો આવ્યો અને દાદાજીની આંગળી પકડી લીધી.

દાદાજીએ ખૂંટી પરથી લાકડી હાથમાં લીધી. એ લાકડી એક મજબૂત ડંગોરા જેવી હતી. આ ડંગોરો કોઈ સાધારણ લાકડી નહોતો. તે ઉત્તમ લાકડામાંથી બનેલો હતો અને તેના પર સરસ મજાનું કલાત્મક નકશીકામ કરેલું હતું. તેના મથાળે લાકડાની એક સુંદર બુલબુલ પક્ષીની આકૃતિ કોતરેલી હતી. દાદાજી જ્યાં પણ જતા ત્યાં આ ડંગોરો હંમેશાં તેમની સાથે જ રહેતો. ગામનાં બાળકો આ ડંગોરાને વહાલથી 'બુલબુલ ડંગોરો' કહીને બોલાવતાં.

ચિન્ટુને આ ડંગોરા પ્રત્યે ભારે આકર્ષણ હતું. તેને હંમેશાં થતું કે દાદાજી આ લાકડીને આટલી બધી સાચવીને કેમ રાખતા હશે?

એક સાંજની વાત છે. સૂરજ આથમવાની તૈયારીમાં હતો. બધાં પંખીઓ પોતાના માળા તરફ પાછાં ફરી રહ્યાં હતાં. દાદાજી આંગણામાં ખાટલા પર બેઠા હતા. ચિન્ટુ દોડીને દાદાજી પાસે ગયો અને તેમના ખોળામાં બેસી ગયો.

'દાદાજી, મને આ બુલબુલ ડંગોરાની વાર્તા કહો ને! તમે એને હંમેશાં તમારી સાથે કેમ રાખો છો?'

ચિન્ટુની નિર્દોષ વાત સાંભળી દાદાજી તેને એકીટશે જોઈ રહ્યા. તેમણે રહસ્યમય સ્મિત સાથે ચિન્ટુના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું, 'બેટા, આ માત્ર ચાલવા માટેનો ટેકો નથી, આ તો એક ચમત્કારી ડંગોરો છે! જો કોઈ સાચા દિલથી અને નિ - સ્વાર્થ ભાવે બીજાને મદદ કરવા આ ડંગોરાને સ્પર્શ કરે, તો જ તેનો ચમત્કાર જોવા મળે છે. પણ બેટા, હંમેશાં યાદ રાખજે કે તેનો ઉપયોગ ક્યારેય કોઈનું અહિત કરવા કે પોતાના સ્વાર્થ ખાતર ન થવો જોઈએ.'

ચિન્ટુ તો આ સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયો. તેને મનમાં થયું, 'શું ખરેખર આ લાકડાના ડંગોરામાં ચમત્કાર હશે?'

બીજે દિવસે સવારે દાદાજી પડોશના ગામમાં કોઈ અંગત કામે ગયા. ઉતાવળમાં તેઓ પોતાનો બુલબુલ ડંગોરો ઘરમાં જ ભૂલી ગયા. ચિન્ટુએ ઓરડાના ખૂણામાં ટેકવેલા ડંગોરાને જોયો. તેનું હૃદય જોરજોરથી ધબકવા લાગ્યું. તેણે આજુબાજુ નજર કરીત ઘરમાં કોઈ નહોતું. તે ધીમા પગલે ડંગોરા પાસે પહોંચ્યો અને ડરતાં ડરતાં પોતાના નાનકડા હાથ વડે ડંગોરાના મથાળે કોતરેલી લાકડાની બુલબુલને સ્પર્શ કર્યો.

અને અચાનક... ઝબૂક કરતો એક ચમકારો થયો!

ડંગોરા પર કોતરેલી લાકડાની બુલબુલમાં જીવ આવી ગયો! તે પાંખો ફફડાવવા લાગી અને તેના શરીરમાંથી દિવ્ય સોનેરી અજવાળું રેલાવા માંડ્યું. ક્ષણભરમાં એ લાકડાનું પંખી સાચેસાચ એક જીવંત સોનેરી બુલબુલ બની ગયું! તે ડંગોરા પરથી ઊડીને ચિન્ટુના ખભા પર આવીને બેસી ગઈ અને મધુર અવાજે ટહૂકી-

'ચીં... ચીં... હેલો ચિન્ટુ, હું બુલબુલ છું! આજે તું જે પણ ઈચ્છા વ્યક્ત કરીશ તે હું પૂરી કરીશત પરંતુ શરત માત્ર એટલી જ છે કે એ ઈચ્છા કોઈ નિર્દોષ જીવની ભલાઈ માટે હોવી જોઈએ.'

ચિન્ટુ તો ખુશીથી નાચી ઊઠ્યો. તેને પોતાની આંખો પર વિશ્વાસ જ નહોતો આવતો. તેણે વિચાર્યુ કે આજે આ ચમત્કારી બુલબુલ ડંગોરાની મદદથી જરૂરિયાતમંદ ગામલોકોની સેવા કરવી જોઈએ. તે હાથમાં ડંગોરો લઈ, ખભા પર બુલબુલને બેસાડી ગામ તરફ નીકળી પડ્યો.

ગામના ચોકમાં પહોંચતાં જ તેણે જોયું કે તેની નાની ભેરુ મીના ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. ચિન્ટુએ તેની પાસે જઈ પૂછ્યું, 'મીના, તું કેમ રડે છે?'

મીના આંસુ લૂછતાં બોલી, 'ચિન્ટુ, મારી વહાલી સફેદ બિલાડી પુસી સવારની ખોવાઈ ગઈ છે! તે બહુ નાની છે, મને તેની ખૂબ ચિંતા થાય છે. ભૂખી-તરસી ક્યાં ભટકતી હશે?'

ચિન્ટુએ ખભા પર બેઠેલી બુલબુલ તરફ જોયું અને મનોમન પ્રાર્થના કરી- 'હે બુલબુલ, મારી મિત્ર ખૂબ દુખી છે. પ્લીઝ, પુસી ક્યાં છે તે શોધવામાં અમારી મદદ કર!'

ડંગોરામાંથી તુરંત જ એક સોનેરી પ્રકાશનું કિરણ નીકળ્યું અને ગામની સીમમાં આવેલા એક વિશાળ પીપળાના ઝાડ તરફ લંબાયું. બુલબુલ ઊડીને એ તરફ ગઈત ચિન્ટુ અને મીના પણ તેની પાછળ દોડ્યાં. ઝાડ પાસે પહોંચીને જોયું તો પુસી ઝાડની એક ઊંચી ડાળી પર ફસાઈ ગઈ હતી અને ધીમા અવાજે 'મ્યાઉં... મ્યાઉં...' કરતી થરથર કાંપતી હતી.

ચિન્ટુએ ચમત્કારી ડંગોરાનો છેડો ઝાડના થડ સાથે અડકાડ્યો. પળવારમાં ઝાડની એ ઊંચી ડાળી નમીને જમીન સરસી થઈ ગઈ અને પુસી સહેલાઈથી કૂદીને મીનાના ખોળામાં આવી ગઈ! મીના હરખાઈ ગઈ અને તેણે ચિન્ટુનો અંત - કરણથી આભાર માન્યો.

બપોરનો સમય થયો હતો. સીમમાંથી પસાર થતાં ચિન્ટુએ જોયું કે એક ગરીબ ખેડૂત રામુકાકા પોતાના ખેતરમાં માથે હાથ દઈને બેઠા હતા. આ વર્ષે વરસાદ ન પડવાથી ખેતરમાં મોલ સુકાઈ રહ્યો હતો અને રામુકાકાની આંખોમાં લાચારીનાં આંસુ હતાં. ચિન્ટુએ રામુકાકાની વેદના જોઈ બુલબુલને કહ્યું, 'બુલબુલ, રામુકાકા ખૂબ મહેનતુ છે. જો એમનો પાક સુકાઈ જશે તો એમનો પરિવાર ભૂખે મરશે. શું આપણે આ ખેતર માટે કંઈ કરી શકીએ?'

ચિન્ટુએ ચમત્કારી ડંગોરાને ખેતરની જમીન પર 'ઠક... ઠક... ઠક...' કરી ત્રણ વાર પછાડ્યો. ક્ષણવારમાં નીલા આકાશમાં કાળાંડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યાં, વીજળીના કડાકા થયા અને આખા ખેતર પર કાચો સોના જેવો મીઠો વરસાદ વરસવા લાગ્યો! ચમત્કાર એ હતો કે વરસાદ માત્ર રામુકાકાના અને આસપાસના સુકાયેલા ખેતરો પર જ વરસી રહ્યો હતો. સુકાતા છોડ ફરી લીલાછમ લહેરાવા લાગ્યા. રામુકાકા તો હાથ જોડી ખુશીથી નાચવા લાગ્યા.

સાંજ ઢળવા આવી હતી અને ચિન્ટુ ઘર તરફ પાછો વળી રહ્યો હતો. ગામનો એક તોફાની અને રખડુ છોકરો કાળુ ઝાડ પાછળ સંતાઈને આ બધું જોઈ રહ્યો હતો. તેને ખબર પડી ગઈ હતી કે ચિન્ટુ પાસે કોઈ અદ્ભુત ચમત્કારી ડંગોરો છે. કાળુના મનમાં લાલચ જાગી- 'જો આ ડંગોરો મને મળી જાય, તો હું દુકાનોમાંથી ઢગલાબંધ ચોકલેટ, રમકડાં અને રૂપિયા પળવારમાં મેળવી લઉં!'

જેવો ચિન્ટુ એક સૂમસામ શેરીમાંથી પસાર થયો, કે તરત કાળુ પાછળથી ધસી આવ્યો અને ઝાપટ મારી ચિન્ટુના હાથમાંથી બુલબુલ ડંગોરો આંચકીને ભાગી છૂટ્યો!

ચિન્ટુએ પાછળ દોડતાં બૂમ પાડી, 'કાળુ, ઊભો રહે! એ ડંગોરો દાદાજીનો છે, એનો દુરુપયોગ ના કરીશ!' પણ કાળુ ક્યાંય સાંભળે તેમ હતો?

કાળુ ડંગોરો લઈને એક અંધારી ઓરડીમાં સંતાઈ ગયો. તેણે લોભી નજરે ડંગોરાની બુલબુલ પર હાથ ફેરવ્યો અને ઘમંડથી હુકમ કર્યો- 'એ બુલબુલ! મને હમણાં ને હમણાં પાંચ કિલો ગરમાગરમ કચોરી, ઢગલો ચોકલેટ અને માથે પહેરવા સોનાનો મોટો મુગટ હાજર કરી આપ!'

પરંતુ દાદાજીએ સમજાવ્યું હતું તેમ આ ડંગોરો માત્ર પવિત્ર અને પરોપકારી હૃદય માટે જ કામ કરતો હતો. કાળુના અંતરમાં લાલચ અને સ્વાર્થ હતાં. પરિણામે ડંગોરામાંથી સોનેરી પ્રકાશને બદલે કાળોડિબાંગ ઝેરી ધુમાડો નીકળવા લાગ્યો. એ ધુમાડામાંથી હજારો ઝેરી મધમાખીઓનું મોટું ઝૂંડ બહાર ધસી આવ્યું! લાકડાની બુલબુલ પણ બિહામણા અવાજે ચીસો પાડવા લાગી. મધમાખીઓ કાળુની પાછળ પડી અને તેના શરીર પર ઉપરાછાપરી ડંખ મારવા લાગી.

'ઓ બાપ રે! બચાવો... મને કોઈ બચાવો!' કાળુ ચીસો પાડતો શેરીઓમાં ભાગવા લાગ્યો. તેને પોતાની લાલચનો ભારે પસ્તાવો થવા માંડ્યો. કાળુની આવી દયનીય હાલત જોઈ ચિન્ટુનું હૃદય પીગળી ગયું. કાળુએ રડતાં રડતાં ડંગોરો ચિન્ટુ તરફ ફંગોળ્યો અને કરગર્યો, 'ચિન્ટુ, મને બચાવી લે... આ ડંગોરો મને મારી નાખશે!'

ચિન્ટુએ હવામાં જ ડંગોરાને ઝીલી લીધો. તેણે આંખો મીંચીને સાચા દિલથી આજીજી કરીથ 'હે બુલબુલ, કાળુને પોતાની ભૂલ સમજાઈ ગઈ છે. પ્લીઝ, આ મધમાખીઓને પાછી વાળી લે અને એને માફ કરી દે!'

ચિન્ટુના પવિત્ર સ્પર્શથી ડંગોરામાંથી ફરી શાંત, શીતળ સોનેરી તેજ પ્રગટ થયું. જોતજોતામાં બધી મધમાખીઓ હવામાં ઓગળી ગઈ. લાકડાની બુલબુલ શાંત થઈને ડંગોરાના મથાળે પોતાની મૂળ જગ્યાએ બેસી ગઈ. કાળુ થરથર કાંપતો ચિન્ટુના પગમાં પડી ગયોથ 'ચિન્ટુ, મને માફ કર! હું લાલચમાં અંધ બની ગયો હતો. હવેથી હું ક્યારેય ચોરી નહીં કરું અને કોઈનું અહિત નહીં વિચારું.'

સાંજ પડી ગઈ હતી અને દાદાજી પણ ઘેર પાછા આવી ગયા હતા. ચિન્ટુએ આદરપૂર્વક ડંગોરો દાદાજીના હાથમાં સોંપ્યો. દાદાજીએ સ્નેહભર્યું સ્મિત રેલાવી કહ્યું, 'ચિન્ટુ, આજે તેં બુલબુલ ડંગોરાનો ખૂબ સુંદર ઉપયોગ કર્યો, ખરું ને!'

ચિન્ટુએ આશ્ચર્યથી પૂછ્યું, 'દાદાજી, તમને કેવી રીતે ખબર પડી?'

દાદાજીએ ચિન્ટુને છાતી સરસો ચાંપીને કહ્યું, 'બેટા, આ ડંગોરો એ જ વ્યક્તિના હાથમાં શક્તિ પ્રગટ કરે છે જેનું મન નિર્દોષ હોય અને જે બીજાના કલ્યાણ માટે વિચારતો હોય. તેં આજે મીનાની, રામુકાકાની અને છેલ્લે કાળુની પણ નિથસ્વાર્થ ભાવે મદદ કરી.'

ચિન્ટુ ગદગદ થઈને દાદાજીને ભેટી પડ્યો અને બોલ્યોથ 'દાદાજી, આજે મને સમજાઈ ગયું કે સાચો ચમત્કાર લાકડાના આ ડંગોરામાં નથી, પણ આપણા અંતરમાં રહેલી દયા, કરુણા અને પરોપકારની ભાવનામાં છે!' ■

'બેટા, આ માત્ર ચાલવા માટેનો ટેકો નથી, આ તો એક ચમત્કારી ડંગોરો છે! જો કોઈ સાચા દિલથી અને નિઃસ્વાર્થ ભાવે બીજાને મદદ કરવા આ ડંગોરાને સ્પર્શ કરે, તો જ તેનો ચમત્કાર જોવા મળે છે. પણ બેટા, હંમેશાં યાદ રાખજે કે તેનો ઉપયોગ ક્યારેય કોઈનું અહિત કરવા કે પોતાના સ્વાર્થ ખાતર ન થવો જોઈએ.'

આપણા સ્વાતંત્ર્ય નાયકો

વિષ્ણુશરણ દુબલિશ

પ્રજાતંત્ર સંઘ વિષ્ણુશરણ દુબલિશ હઠીલા સ્વભાવના ક્રાંતિકારી હતા. બીડી ન છોડવા માટે તેમણે નૈની જેલમાંથી આંદામનની જેલમાં જવાની સજા સ્વીકારી લીધેલી. ઉત્તરપ્રદેશના મેરઠના તેઓ વતની. ગાંધીજીની હાકલ સાંભળીને અસહકારના આંદોલનમાં કૂદી પડેલા. એક સરઘસનું નેતૃત્વ કરવા બદલ તેમને દોઢ વર્ષ માટે જેલમાં પૂરવામાં આવેલા. આ જેલમાં ક્રાંતિકારી શચીન્દ્રનાથ સાન્યાલ પણ સજા ભોગવી રહ્યા હતા. પરસ્પર સંપર્ક વધતાં બંને મિત્રો બની ગયા. જેલમાંથી છૂટ્યા પછી વિષ્ણુશરણ શચીન્દ્રનાથ દ્વારા સ્થાપવામાં આવેલા હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘનાં સભ્ય બની ગયા.

રામપ્રસાદ બિસ્મિલના નેતૃત્વ હેઠળ મેરઠમાં સરકારી ટપાલકચેરી પર ધાડ પાડવામાં આવી તો વિષ્ણુશરણ તેમાં અગ્રેસર રહ્યા. કાકોરી રેલધાડમાં તેમને સામેલ કરવામાં નહોતા આવ્યા. છતાં હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘના સભ્ય હોવાને કારણે તેમને દસ વર્ષની કારાવાસની સજા સંભળાવી નૈનીની જેલમાં ધકેલી દેવામાં આવ્યા. વિષ્ણુશરણને બીડી પીવાનું વ્યસન હતું. નૈની જેલમાં કેદીઓને બીડી પીવાની ચુસ્ત મનાઈ હતી. પરંતુ વિષ્ણુશરણ ચોરીછૂપીથી બીડી પી લેતા. એકવાર ગવર્નર સાહેબની જેલની મુલાકાત દરમિયાન વિષ્ણુશરણની કોટડીમાંથી બીડીનાં ઠૂંઠાં મળી આવ્યાં. જેલરે પૂછતાછ કરી તો વિષ્ણુશરણે કબૂલાત કરી કે હા, પોતે બીડી પીએ છે. જેલરે સાફ સાફ કહી દીધું કે અહીં બીડી પીવાની મનાઈ છે. તમારે બીડી પીવી હોય તો આંદામાનની જેલમાં જાવ, ત્યાં બીડી પીવાની મનાઈ નથી. જવાબમાં વિષ્ણુશરણે સંભળાવ્યું, એવું હશે તો હું આંદામાન જઈશ. બાકી બીડી તો મારાથી નહિ છૂટે.

વિષ્ણુશરણે કબૂલાત કરી કે હા, પોતે બીડી પીએ છે. જેલરે સાફ સાફ કહી દીધું કે અહીં બીડી પીવાની મનાઈ છે. તમારે બીડી પીવી હોય તો આંદામાનની જેલમાં જાવ, ત્યાં બીડી પીવાની મનાઈ નથી. જવાબમાં વિષ્ણુશરણે સંભળાવ્યું, એવું હશે તો હું આંદામાન જઈશ.

બસ આટલા કારણસર વિષ્ણુશરણને નૈની જેલમાંથી આંદામાનની જેલમાં મોકલી આપવામાં આવ્યા. એ વખતે આંદામાનની જેલ પૃથ્વી પરનાં નરક તરીકે ઓળખાતી. પરંતુ આ ક્રાંતિકારીએ એક મામૂલી વ્યસન ખાતર એ સજાને સામેથી વહોરી લીધી. આ અગાઉ તેમને જેલમાં તોફાન કરાવવા બદલ આંદામાનની જેલમાં મોકલી આપવાની સજા થયેલી. જે પાછળથી માફ થયેલી. પરંતુ આ વખતે તો તેમને કાળાપાણીની સજા થઈ જ રહી. ૧૯૩૭માં તેઓ જેલમાંથી છૂટયા. પછીથી કોંગ્રેસમાં સક્રિય બન્યા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમને નજરકેદ કરવામાં આવ્યા. યુદ્ધ પૂરું થયા પછી જ છોડવામાં આવ્યા. દેશ આઝાદ થતાં તેઓ કોંગ્રેસ વતી મેરઠમાંથી સંસદસભ્ય તરીકે ચૂંટાયા. પછીથી કોંગ્રેસ સાથે મતભેદ થયા. એમને વાંધો એ વાતનો હતો કે કોંગ્રેસ પક્ષ ક્રાંતિકારીઓ આદર્શ પર કેમ નથી ચાલતો?

- જિતેન્દ્ર પટેલ

Jupiter: The King of Planets

Among the eight planets orbiting the Sun, Jupiter is not only the largest, but it also holds unique distinctions and the supreme rank. In Roman mythology, Jupiter (or Jove) is considered the king of the gods. In Sanskrit, Jupiter is called Brihaspati or Devaguru. Considered an ocean of wisdom, the other planets are viewed symbolically as its disciples. Neptune and Pluto represent his brothers in classical lore, ruling the heavens, seas, and the underworld. Scientists have thoroughly studied this historically revered planet, uncovering deep insights into its nature.

Jupiter is a massive gas giant about 11 to 12 times the diameter of Earth. Because it sits far from the Sun, it receives only a fraction of the solar energy Earth does. Its density is roughly about 1.33 grams per cubic centimeter, meaning it is relatively light for its size, yet it exerts strong gravity. Jupiter is composed primarily of hydrogen and helium, believed to surround a dense core. Jupiter rotates very rapidly on its axis, completing a full rotation in just under 10 hours. Due to its massive scale, its surface gravity is considerably higher than Earth's. In 1665, the astronomer Cassini noted the massive storm on Jupiter's surface known as the Great Red Spot. Jupiter possesses dozens of moons, including Ganymede, the largest moon in the Solar System. Jupiter's diameter is roughly 140,000 kilometers, and it takes approximately 12 Earth years to complete one orbit around the Sun.

ફ્રીઝમાં ચીજો તાજી અને ઠંડી કેમ રહે છે?



ખાદ્ય પદાર્થોને લાંબા સમય સુધી સાચવી રાખવા ફ્રીઝ ઉપયોગી થાય છે. રાંધેલા ખોરાક, દૂધ, ફળો અને શાકભાજીમાં સામાન્ય ઉષ્ણતામાને બેક્ટેરિયા સક્રિય હોય છે. બેક્ટેરિયા જે તે ચીજમાંથી પોતાનો ખોરાક બનાવે છે. પરિણામે તે ચીજમાં સડો પેદા થાય અને બગડી જાય છે. આ ચીજોને તાપમાનમાં ઠંડી કરીને રાખવાથી તે બગડતી નથી. ખૂબ જ ઠંડા વાતાવરણમાં બેક્ટેરિયા નિષ્ક્રિય રહે છે એટલે ચીજો તાજી રહે છે. ફ્રીઝમાં તાપમાન નીચું રહી ઠંડી કેમ જળવાય છે તે પણ જાણવા જેવું છે. સ્પિરિટ જેવા ઉડ્ડયનશીલ પ્રવાહી ચામડી ઉપર પડે તે એકદમ ઠંડા લાગે તે જાણીતી વાત છે. પ્રવાહીનું બાષ્પીભવન થાય ત્યારે તે આસપાસના વાતાવરણમાંથી ગરમીનું શોષણ કરે છે. ફ્રીઝમાં પણ આ પ્રક્રિયા જ થાય છે. ફ્રીઝમાં કુલન્ટ પ્રવાહી વપરાય છે. વીજળીની મદદથી કુલન્ટ પ્રવાહીમાંથી વરાળ અને વરાળમાંથી પ્રવાહી બનવાની પ્રક્રિયા સતત ચાલે છે. કુલન્ટ ઘણા બધા રાસાયણિક સ્વરૂપમાં હોય છે. આ ક્રિયા માટે ફ્રીઝમાં હીટ એક્સચેન્જ પાઈપ કે જે ફ્રીઝની પાછળના ભાગે નળીઓના રૂપમાં દેખાય છે. દબાણ ઊભું કરવાનું ક્રોમ્પ્રેશર, અને ત્રીજો એક્સ્પાન્શન વાલ્વ. ફ્રીઝમાં કુલન્ટ તરીકે એમોનિયા ગેસ વપરાય છે. એમોનિયાનું બાષ્પીભવન થાય ત્યારે તાપમાન ઘટવા માંડે છે. એમોનિયા માઈનસ ૨૭ ડિગ્રી ફેરનહીટે વરાળ બને છે એટલે ફ્રીઝમાં સૌથી નીચું માઈનસ ૨૭ ડિગ્રી ફેરનહીટ તાપમાન થઈ શકે છે.

દેશ-વિદેશનું અવનવું

- જાપાનમાં લગભગ ૨૦૦ જ્વાળામુખી પર્વતો છે. વિશ્વના સક્રિય જ્વાળામુખીના ૧૦ ટકા એકલા જાપાનમાં જ છે.
- એશિયાનો એક જ દેશ થાઈલેન્ડ એવો છે કે જ્યાં કદી પશ્ચિમી સત્તા નહોતી.
- સૌથી ટૂંકુ યુદ્ધ ઈ.સ. ૧૮૯૬માં ઝાંઝીબાર અને ઈંગ્લેન્ડ વચ્ચે લડાયેલું. માત્ર ૩૮ મિનિટમાં જ ઝાંઝીબારે શરણાગતિ સ્વીકારેલી.
- અમેરિકાએ અલાસ્કા વિસ્તાર રશિયા પાસેથી વેચાતો લીધેલો અને એક એકરના બે સેન્ટ ચૂકવેલા.
- ફિનલેન્ડ સૌથી વધુ તળાવ ધરાવતો દેશ છે. ત્યાં લગભગ ૧૮૭૮૮૮ તળાવ છે. તમામ ૫૦૦ ચોરસમીટરના છે. કેનેડામાં પણ બે લાખ કરતાં વધુ તળાવ છે. તળાવની વ્યાખ્યા ગુંચવણભરી હોવાથી સૌથી વધુ તળાવ ધરાવતા દેશનું બિરૂદ વિવાદાસ્પદ છે.
- બેલ્જિયમમાં સ્ટ્રોબેરીનું મ્યુઝિયમ છે. તેમાં જાત જાતના સ્ટ્રોબેરી, તેની વાનગીઓ અને સ્ટ્રોબેરીના બગીચાનું મધ પણ જોવા મળે છે.
- ગ્રીસનું હવામાન એટલું શાંત છે કે ત્યાં મોટાભાગના થિયેટરો ઓપનએર હોય છે.
- અમેરિકામાં વર્ષે લગભગ એક લાખ વાવાઝોડા થાય છે. તેમાંના દસ ટકા વાવાઝોડા ગંભીર મનાય છે.

વનસ્પતિની અજાયબી સૂર્યમુખીનું ફૂલ

સૂર્યમુખીનું ફૂલ અનેક નાના ફૂલોના સમુહનું બનેલું છે. વચ્ચેથી એક ફૂલની આસપાસ પીળી પાંદડીવાળા અનેક ફૂલ ચક્રાકાર ગોઠવાઈને એક મોટું ગોળાકાર ફુલ બન્યું છે. આ ફૂલ હંમેશાં સૂર્ય તરફ જ મોં રાખે છે. તેથી તેને સૂર્યમુખી કહે છે.

સૌથી મોટા સૂર્યમુખીનો છોડ ૧૦ ફૂટ ઊંચો હોય છે તેના પર ટોચે લગભગ ૧૧ ઈંચ વ્યાસનું ફૂલ બેસે છે. સૂર્યમુખી ઘણી ઝડપથી વિકાસ પામે છે. છ માસમાં જ તે ૮ થી ૧૨ ફૂટ ઊંચો થઈ જાય છે. જર્મનીમાં ૨૭ ફૂટ ઊંચા સૂર્યમુખીનો છોડનો વિશ્વવિક્રમ નોંધાયો છે.

સૂર્યમુખી બે પ્રકારનાં થાય છે. એક જાતના સૂર્યમુખીના બીજનું તેલ ખાદ્ય તેલ તરીકે વપરાય છે. જર્મનીમાં સૂર્યમુખીના બીજનો લોટ બ્રેડ બનાવવામાં વપરાય છે તે ઉપરાંત અનેક ઔષધોમાં વપરાય છે. સૂર્યમુખી ઝેરનું શોષણ કરે છે. જમીન તેમજ પાણીમાંથી સીસું, આર્સેનિક કે યુરેનિયમ શોષી લે છે. સૂર્યમુખીના ફૂલ સૂર્ય તરફ મોં રાખે છે તે ક્રિયાને 'હેલિયોટ્રીવિઝમ' કહે છે. જો કે દરેક ફૂલમાં આ લક્ષણ હોતાં નથી.

વિશ્વના વિજ્ઞાનીઓ

Friedrich Wöhler: Discoverer of Aluminium

Organic chemistry has proven useful in many chemical industries. Friedrich Wöhler's name stands at the forefront of this field. By discovering a method to synthesize urea, Wöhler made the production of artificial fertilizers possible. In addition, he discovered the metal aluminium. Friedrich Wöhler was born on July 31, 1800, in Frankfurt, Germany. After studying medicine, he joined a school in Stockholm as a teacher. Later, he became a professor of chemistry at the Polytechnic School in Berlin. Wöhler is known as the father of organic chemistry. In 1828, he discovered the method of synthesizing urea. Along with this, he also discovered beryllium, silicon, nitrides, and calcium carbide. The famous scientist Humphry Davy had discovered potassium and made unsuccessful attempts to isolate metals from it. Taking these experiments forward, Wöhler isolated the lightweight metal aluminium in 1827. He also conducted chemical analyses on meteorites that fell to Earth. Through numerous breakthroughs in chemistry, he earned worldwide renown. Many of his students went on to become celebrated chemists. Wöhler passed away in Germany on September 23, 1882.

Saltwater Forests: Mangroves

Found along warm tropical coasts, mangrove plants are distinctly different from other flora, and their forests are unique. Because of saline soil and coastal conditions, these plants develop special characteristics. When high tide rolls in, seawater submerges the coastal ground. Many plant varieties thrive in this saltwater, with roots partially submerged and partially exposed above the ground. Thriving on saltwater, these plants are mostly tall and grass-like in nature. Facing strong coastal winds, salty conditions, and low oxygen levels, they also endure powerful waves during high tide. In India, the Sundarbans mangrove forest of Bengal is world-famous. In these forests, plants grow up to several dozen feet tall, with roots spreading outward through the mud. Many plants lack conventional solid trunks, with dense clusters of stilt roots serving the purpose instead. Mangrove plants typically feature fewer leaves and extensive root systems. A plant known as Avicennia can develop thousands of roots across a single three-meter plant. These plants are vital to the environment as they prevent coastal erosion.

જાતજાતની શિકારી વનસ્પતિ...

જંગલી પ્રાણીઓ શિકારી હોય તે જાણીતી વાત છે. દરેક સજીવ ખોરાકની શોધમાં જાતજાતની રીત અપનાવે છે. વનસ્પતિ મૂળ દ્વારા જમીનમાંથી ખોરાક મેળવે છે પરંતુ જાણીને નવાઈ લાગશે કે કેટલીક વનસ્પતિ મચ્છર જેવા જીવડાંનો શિકાર કરે છે. અલબત્ત વનસ્પતિ શિકાર પાછળ દોડી શકે નહીં પરંતુ શિકાર આપોઆપ તેની પાછળ આવે તેવી તરકીબો હોય છે. વિશ્વમાં લગભગ ૪૦૦ જાતના સુંદર ફૂલછોડ આવા શિકારી છે. દરેકની શિકાર કરવાની રીત જુદી જુદી હોય છે.

પીચર પ્લાન્ટ શંખ આકારના પાન ધરાવે છે. ગોળાકાર શિંગડા જેવા પોલા પાનના દ્વાર ઉપર ચીકણું દ્રવ્ય હોય છે. મચ્છર જેવા જીવડાં ઉડતાં ઉડતાં નજીક આવે એટલે તેમાં ચોંટીને તળિયે ઉતરી જાય છે.સનડ્યૂ એ વિનસ ફ્લાય ટ્રેપ તો છટકા જેવા પાનની વનસ્પતિ છે. પાન ઉપર જીવડું બેસે કે તરત જ ભૂંગળુ વળી જાય અને તેને દબોચી લે.

